# પ્રાંતિજ-તલોદ તાલુકા તાલુકામાં ૩ વાગ્યાં સુધી ૫૭.૭૮ ટકા મતદાન

## પ્રાંતિજ- તલોદ બેઠકમાં ૩ વાગ્યા સુધીમાં શાંતિપૂર્ણ મતદાનઃ છ ઉમેદવારોનું ભાવી આજે ઇવીએમ મશીનમાં કેદ થશે

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાત માં બીજા તબકકા નુ વિધાનસભા ની ૯૩ સીટોનુ મતદાન યોજાઇ રહ્યુ છે ત્યારે પ્રાંતિજ- તલોદ ૩૩ વિધાનસભા સીટ ઉપર ૩ વાગ્યા સુધી ૫૭.૭૮ ટકા મતદાન યોજાયું છે.



પ્રાંતિજ-તલોદ બેઠક ઉપર સવારથી ધીમીગતીએ મતદાન યોજાયું હતું તો ૩ વાગ્યા સુધી મતદારો દ્વારા ૫૭.૭૮ મતદાન કરવામાં આવ્યું હતું તો પ્રાંતિજ- તલોદ ના ૩૦૫ બુથો ઉપર સવારથી મતદારો દ્વારા ઉત્સાહ જોવા મળ્યો હતો તો લવારી ઈવીએમ મશીન ચાલુ ના થતા બીજુ મશીન રીપલેક્ષ કરાયુ હતુ તો સાબરકાંઠા-અરવલ્લી સાંસદે પ્રાંતિજ ના ભાગપુર થી પોતે મતદાન કર્યુ હતુ તો પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણે પણ વાધપુર થી મતદાન કર્યુ હતું તો પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ ફતેપુરા ખાતે મતદાન કર્યુ હતુ જયારે પ્રાંતિજ- તલોદ ના ધારાસભ્ય અને ભાજપ ના ઉમેદવાર ગજેન્દ્રસિંહ પરમાર દ્વારા તલોદ ના વકતાપુર ખાતે મતદાન કેન્દ્ર ખાતે જઇ લાઇન મા ઉભા રહીને પરિવાર સાથે મતદાન કર્યુ હતુ અને લોકો ને મતદાન કરવાં જાગૃત કર્યા હતાં તો કોંગ્રેસ ના ઉમેદવાર બેચરસિંહ હરિસિંહ રાઠોડે સીતવાડા ખાતે મતદાન કર્યુ હતુ તો આમ આદમી પાર્ટી ના ઉમેદવાર અલ્પેશ પટેલે વાધરોટા ખાતે મતદાન કર્યુ હતુ જયારે પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ દિપકભાઇ હસમુખભાઇ કડીયાએ પણ નાની ભાગોળ ખાતે મતદાન કર્યુ હતુ તો નગરપાલિકા મહિલા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટે શેઠ.પી.એન્ડરઆર આર હાઇસ્કુલ ખાતે મતદાન કર્યુ હતુ તો ચુંટણીપંચ દ્વારા ૮૦ વર્ષ થી વધુ ઉમર ના વડીલો ને સન્માન પત્ર આપી ને સન્માનિત કરાવ્યા હતા તો કેટલીક જગ્યાએ મતમથકો એ લાંબી લાંબી કતારો જોવાં મળી હતી તો યુવાનો સહિત વુધ્ધોએ પણ પોતે મતદાન કર્યુ હતું અને પ્રાંતિજ- તલોદ માં ૩ વાગ્યા સુધીમાં શાન્તી પુર્વક મતદાન યોજાયું હતું તો છ એ ઉમેદવારો ના ભાવી આજે સાંજ સુધીમાં ઈવીએમ મશીન માં કેદ થશે.



# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૭ વિધાનસભા બેઠકો ઉપર સરેરાશ ૬૫ ટકાથી વધુ મતદાન

## શહેરી કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં ઉંચા મતદાનથી રાજકીય પક્ષોના ઉમેદવારોની ઉંઘ હરામ : ગુરૂવારે સવારે હિંમતનગર અને મોડાસામાં મત ગણતરી, બપોરે ૩-૦૦ સુધીમાં પરિણામ સ્પષ્ટ થઈ જશે







બાયડ,તા. ૦૫

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની ૭ વિધાનસભા બેઠકો માટે સોમવારે સવારે ૮-૦૦ થી સાંજના ૫-૦૦ દરમ્યાન મતદાન યોજાયું હતું. સવારથી મોટાભાગના મતદાન મથકો ઉપર મતદારોની કતાર જોવા મળી હતી. પ્રથમ તબક્કાથી વિપરીત બીજા તબક્કામાં મતદારોનો ઉત્સાહ જોવા મળતાં રાજકીય પક્ષો મનોમન મલકાતા હતા. ૭ વિધાનસભા બેઠકો ઉપર સાંજના ૫-૦૦ સુધીમાં સરેરાશ ૬૫ ટકાથી વધુ મતદાન થયું છે અને સમય પૂરો થયા પછી અનેક મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો મતદાન કરવા માટે કતારમાં હોવાથી મતદાનની ટકાવારી ૩ થી ૪ ટકા વધવાની પણ સંભાવના છે. શહેરી કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં ઉંચા મતદાનના આંકડા સામે આવ્યા છે જેના કારણે મુખ્ય રાજકીય પક્ષોના ઉમેદવારોની ઉંઘ હરામ થઈ છે. ૭ બેઠકો ઉપર કુલ-૫૬ ઉમેદવારોનું ભાવિ મતદારોએ મતપેટીમાં સીલ કર્યું છે. ગુરૂવાર સવારે હિંમતનગર અને મોડાસામાં મત ગણતરી યોજાશે. બપોરે ૩-૦૦ સુધીમાં ચૂંટણી પરિણામ સ્પષ્ટ થઈ જશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાની બાયડ, મોડાસા, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા અને ભિલોડા વિધાનસભા બેઠક ઉપર સોમવાર સવારથી અભેદ્ય સુરક્ષા પ્રબંધ વચ્ચે મતદાન શરૂ થયું હતું. સંવેદનશીલ મતદાન મથકો ઉપર વધુ પ્રમાણમાં સુરક્ષા દળો તૈનાત કરાયા હતા. મોબાઈલ લઈને મતદાન મથકમાં જવા ઉપર પ્રતિબંધ છતાં કેટલાક વિસ્તારોમાં તેનો અમલ થયો ન હોવાના દ્રશ્યો પણ જોવા મળ્યા. ૧૯ લાખથી વધુ નોંધાયેલા મતદારો છે. જ્યારે મતદાન મથકો ઉપર બપોર બાદ મહિલાઓની મોટી સંખ્યામાં ભીડ જોવા મળી હતી. કેટલાક વિસ્તારોમાં ઈ.વી.એમ. ખોટકાઈ પડતાં ચૂંટણી અધિકારીઓમાં દોડધામ મચી ગઈ હતી પરંતુ ગણતરીની મીનીટોમાં ટેકનિકલી ક્ષતિ દૂર કરી મતદાન શરૂ કરવામાં આવ્યું હતું. સાબરકાંઠામાં ૧૧,૦૮,૭૨૨ અને અરવલ્લીમાં ૮,૩૦,૫૪૭ મતદારો પૈકી પુરૂષ અને સ્ત્રી મતદારોએ મતદાન કર્યું છે. જ્યારે સાબરકાંઠા જિલ્લાના ૩૪૮ અને અરવલ્લીના ૨૭૮ મતદાન મથકો સંવેદનશીલ જાહેર કરાયા હતા. ૭ વિધાનસભા બેઠકો પૈકી હાઈપ્રોફાઈલ બનેલી બાયડ વિધાનસભા બેઠકમાં સૌથી વધુ ૧૧ અને ઈડર બેઠકમાં સૌથી ઓછા ૩ ઉમેદવારોનું ભાવિ મતદારોએ મતપેટીમાં સીલ કર્યું છે.

### કયા દિગ્ગજોનું ભાવિ મતપેટીમાં સીલ

જિલ્લાની ૭ વિધાનસભા બેઠકોમાં મતદારોએ ૭ દિગ્ગજોનું ભાવિ મતપેટીમાં સીલ કર્યું છે જેમાં ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરા, પૂર્વ કાયદા મંત્રી વી.ડી.ઝાલા, રાજ્ય સરકારના વર્તમાન મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. તુષાર ચૌધરી સહિત અનેક દિગ્ગજોના ભાવિ મતપેટીમાં સીલ થયા છે. ગુરૂવારે દિગ્ગજોના ભાવિનો ફેંસલો થવાનો છે.

### ઈડર વિધાનસભા મતક્ષેત્રમાં વિક્રમી મતદાન ભાજપના ઉમેદવારનો ભવ્ય વિજય થશે

ઈડર વિધાનસભા મતક્ષેત્રના અનેક મતદાન મથકોમાં વિક્રમી મતદાન થયું છે. કેટલાક ગામડાઓમાં તો અમે બી.જે.પી. તરફી મતદાન કર્યાનું સોશ્યલ મીડીયામાં જણાવતાં વિધાનસભાના ચૂંટણી જંગમાં ઈડર બેઠકના ભાજપના ઉમેદવાર રમણલાલ વોરાનો ભવ્ય વિજય થશે તેવું ભાજપના કાર્યકરોએ જણાવ્યું છે.

### જિલ્લામાં ૪૯ સખી મતદાન મથકો આકર્ષણનું કેન્દ્ર બન્યા

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની દરેક વિધાનસભા બેઠક દીઠ ૭ સખી મતદાન મથકો ઉભા કરાયા હતા. જેથી કુલ-૪૯ સખી મતદાન મથકો સવારથી જ મતદારો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સખી મતદાન મથકો ઉપર જે પણ મતદારોનો મતાધિકાર હતો તેવા મતદારો પોતાને નસીબવંતા સમજવાની સાથે મહિલા સ્ટાફ સાથે સેલ્ફી લઈને મત આપ્યોની ખુશાલી વ્યક્ત કર્યાનું પણ જાણવા મળ્યું છે.

### ઈડર વિધાનસભા બેઠકમાં બપોરના ૧-૦૦ સુધીમાં ૪૧ ટકા મતદાન

સાબરકાંઠાની ૪ વિધાનસભા બેઠકો ઉપર બપોરે ૧-૦૦ સુધીમાં સરેરાશ ૩૯.૭૩ ટકા મતદાન નોંધાયું હતું જેમાં ઈડર વિધાનસભા મતક્ષેત્રમાં સૌથી વધુ ૪૦.૭૮ ટકા મતદાન નોંધાયું હતું. બપોર સુધીમાં ૬૭,૩૪૨ પુરૂષ મતદારો અને ૪૯,૬૪૧ સ્ત્રી મતદારોએ મતદાન કર્યાનું જાણવા મળ્યું છે.

# ડીસામાં વેન્ટિલેટર હેઠળ સારવાર લેતા દર્દીએ લોકશાહી પર્વ દિપાવ્યું



ડીસા, તા. ૫

આજે લોકશાહી પર્વ છે અને આ પર્વની લોકો ઉત્સાહભેર મતદાન કરીને ઉજવણી કરી રહ્યા છે.ત્યારે ડીસામાં એક વેન્ટિલેટર પર જીવતા દર્દીએ મત કરવાનો આગ્રહ રાખતા દર્દીને એમ્બ્યુલન્સમાં બુથ ઉપર લાવી મતદાન કર્યુ હતું.

૮૦ વર્ષના વૃદ્ધ તીરથભાઈ ખત્રી છેલ્લા ઘણા સમયથી હોમ આઈશોલેશનમાં વેન્ટિલેટર પર સારવાર હેઠળ છે ત્યારે

તેમણે મતદાનની ઈચ્છા જણાવતા પરિવારે ડોકટર સાથે રાખી મતદાન કરાવ્યું ત્યારે તેમના પરિવારે જણાવ્યું હતું કે મતદાનની ઈચ્છા વ્યકત કરતા તબીબની ટિમ સાથે એમ્બ્યુલન્સમાં ઓક્સિજન સાથે વહીલચેર પર લાવી મતદાન કરાવ્યું.તબીબે જણાવ્યું હતું કે વેન્ટિલેટર પર એક વૃદ્ધ દર્દી મતદાન કરી શકે તો ચાલતા ફરતાએ અવશ્ય મતદાન કરવું જોઈએ અને દર્દી તીરથભાઈ ખત્રીની ઈચ્છાને બિરદાવી હતી.



પુંસરીના મધુબેન રાવળ ને ગઈ કાલ સુધી સેથામાં માં સિંદૂર ભરેલું હતું... અચાનક પતિ માર્ગ અકસ્માતમાં નિધન થયું. ત્યારે આજે મતદાન દિવસે વિધવા બહેન મધુબેનને અને રાવળ સમાજને નરેન્દ્ર પટેલ પુંસરી સમજાવતા વિધવા બહેન પુંસરી નવાનગર બુથ માં મર્યાદા સાથે નરેન્દ્ર પટેલે સાથે લાવી મતદાન કરી લોકશાહીનું પર્વનું મહત્વ જાળવ્યું

### ચૂંટણીની કામગીરીમાં થાકેલા શિક્ષકો પરીક્ષાની કામગીરી આરંભશે

# જિલ્લાની શાળાઓમાં તા.૭-૮ ડિસેમ્બરે ૨૫ ગુણની કસોટીનું આયોજન

## શિક્ષણ બોર્ડની સૂચના પ્રમાણે શાળાઓને પરીક્ષા લેવાની છૂટ

બાયડ, તા.૫

જિલ્લામાં બીજા ચરણમાં આજે સોમવારે ૭ વિધાનસભા બેઠકોની ચૂંટણી માટે મતદાન યોજાવવાનું છે જેમાં શિક્ષકોને પ્રિસાઈડીંગ ઓફીસર, પોલીંગ ઓફીસર સહિતની જવાબદારી સોંપવામાં આવી છે ત્યારે ચૂંટણીની કામગીરીમાં થાકેલા શિક્ષકોનો થાક ઉતરે તે અગાઉ જ તા.૭, ૮ ડિસેમ્બરે ૨૫ ગુણની કસોટીનું શિક્ષણ બોર્ડના આદેશ અનુસાર આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર દિવાળી વેકેશન પછી શાળાઓમાં શિક્ષણ કાર્ય રાબેતા મુજબ શરુ થાય ત્યાં ચૂંટણી જાહેર થતાં શિક્ષકોને ચૂંટણીલક્ષી તાલીમમાં મોકલવામાં આવ્યા હતા જેના કારણે અનેક શાળાઓમાં શિક્ષણ કાર્યને માઠી અસર થઈ છે. જ્યારે શાળાઓના ૮૦થી ૮૫ ટકા સ્ટાફને ચૂંટણીની કામગીરીમાં મૂકયા પછી વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ પૂરા થવામાં પણ અડચણ ઉભી થઈ છે. આ સંજોગોમાં બોર્ડે અગાઉ ૨૫ ગુણની કસોટી માટે પ્રશ્નપત્ર તૈયાર કરીને આપવામાં આવતું હતું પરંતુ હવે અભ્યાસક્રમ જાહેર કરીને શાળાઓને તે મુજબ પરીક્ષા લેવાની છૂટછાટ આપવામાં આવી છે જેથી આગામી તા.૭ અને ૮ ડિસેમ્બર એમ બે દિવસ દરમ્યાન ધો.૯ થી ૧૨ની ૨૫ ગુણની કસોટીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા.૭ ડિસેમ્બરે ધો.૯-૧૦ ગુજરાતી, વિજ્ઞાન, ધો.૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહની રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, સામાન્ય પ્રવાહનું નામું, સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, મનોવિજ્ઞાનની પરીક્ષા યોજાશે. જ્યારે ૮ ડિસેમ્બરે ધો.૯-૧૦માં સામાજીક વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન પ્રવાહની ગણિત, જીવવિજ્ઞાન, સામાન્ય પ્રવાહની અર્થશાસ્ત્ર, વાણિજ્ય વ્યવસ્થા અને અંગ્રેજી વિષયની પરીક્ષા લેવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

### ૩૧૮ બુથના કાર્યકરો, પેજ પ્રમુખ સુધી પહોંચી અદ્‌ભૂત સંકલન કર્યુ

# બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં સર્વાધિક મતદાનના ભાજપનો પ્રયાસ સફળ : વિધાનસભા પ્રભારી હર્ષદભાઈ પટેલની કૂનેહ દેખાઈ

## ભાજપની ભવ્ય જીતનો આશાવાદ વ્યક્ત કર્યો

બાયડ, તા.૫

બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં સોમવારે સર્વાધિક મતદાન થતાં ભાજપ છાવણીમાં ખુશાલી જોવા મળી છે. છેલ્લા ૨૫ દિવસથી વિધાનસભા પ્રભારી હર્ષદભાઈ પટેલ(પીરાણા)એ બુથ સુધી પહોંચી કાર્યકરોને પ્રોત્સાહિત કર્યા જેના કારણે ભાજપ તરફી સર્વાધિક મતદાન થયાનું દેખાઈ રહ્યું છે. વિધાનસભાના ચૂંટણી જંગમાં બાયડમાં ભાજપનું કમળ ખીલશે તેવો આશાવાદ વિધાનસભા પ્રભારી ઉપરાંત ભાજપના આગેવાનોએ વ્યક્ત કર્યો છે. પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાની બાયડ વિધાનસભા બેઠક હાઈપ્રોફાઈલ બેઠક બની ગઈ હતી. કોંગ્રેસે પૂર્વ મુખ્ય મંત્રી શંકરસિંહ વાઘેલાના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલાને મેદાનમાં ઉતાર્યા. જ્યારે ભાજપે પૂર્વ ધારાસભ્ય એવા ભીખીબેનના પરમારને મેદાનમાં ઉતારી સૌને ચોંકાવી દીધા હતા. જ્યારે ટીકીટ ન મળતાં ધવલસિંહ ઝાલાએ અપક્ષ દાવેદારી કરતાં વિધાનસભાનો જંગ રસાકસી ભર્યો બન્યો



હતો ત્યારે બાયડ વિધાનસભાનો જંગ જીતવા માટે ભાજપ દ્વારા પ્રભારી તરીકે હર્ષદભાઈ પટેલને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા. તેઓએ બાયડ, માલપુર તાલુકાના ભાજપના તમામ સિનિયર અને જૂનિયર કાર્યકર્તા આગેવાનો, પેજ પ્રમુખો, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સદસ્યો અને નગરપાલિકાના કોર્પોરેટરો સાથે સતત સંપર્ક જાળવી રાખી કેવી રીતે વધુ મતદાન થાય તે માટેની સતત ચિંતા કરી હતી. તા.૫ ડિસેમ્બરે મતદાન યોજાતાં બાયડ વિધાનસભા મતક્ષેત્રના તમામ ૩૧૮ મતદાન મથકોમાં ભાજપ તરફી વિક્રમી મતદાન થયાનું જણાવી રહ્યા છે. તા.૮ ડિસેમ્બરે પરિણામ જાહેર થવાનું છે ત્યારે બાયડ વિધાનસભામાં ભાજપના ઉમેદવાર જંગી બહુમતીથી જીતશે તેમ કાર્યકરો જણાવી રહ્યા છે.

### દિયોદર વિધાનસભા મતવિસ્તારમાં નાની ઘરનાળ ગામે

# કોરોના પોઝિટિવ પેશન્ટ બાબુભાઈ દેસાઈએ PPE કીટ પહેરી કોવિડ પ્રોટોકોલ સાથે મતદાન કર્યુ

પાલનપુર તા.૫

૧૪-દિયોદર વિધાનસભા મતવિસ્તારમાં નાની ઘરનાળ ગામે કોરોના પોઝિટિવ પેશન્ટ બાબુભાઈ મલાભાઈ દેસાઈએ PPE કીટ પહેરી સાજે-૪.૩૦ કલાકે મતદાન કર્યુ હતું. ગઈ તા.૩૦ નવેમ્બરના રોજ બાબુભાઈને કોરોનાના સામાન્ય લક્ષણો દેખાતા તેમણે RTPCR રિપોર્ટ કરાવ્યો હતો. જે રિપોર્ટ તા. ૨ ડિસેમ્બરના રોજ પોઝિટિવ આવતા તેઓ હોમ આઈસોલેશનમાં વરનોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની નિગરાનીમાં સારવાર લઈ રહ્યા છે. તેઓ કોરોના પોઝિટિવ હોવાથી અન્ય મતદારોની આરોગ્ય સુરક્ષાને ધ્યાનમાં લઈ આજે મતદાનના દિવસે અંતિમ કલાકોમાં તેમણે PPE કીટ પહેરીને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. લોકોના આરોગ્યની જાળવણી માટે કોરોના પેશન્ટની સાથે આરોગ્ય કર્મચારીએ પણ PPE કીટ પહેરીને નાગરિકોને સુરક્ષાની પ્રતિતિ કરાવી હતી.



# બનાસકાંઠા જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીમાં સાંજે ૪:૦૦ વાગ્યા સુધી ૫૨ ટકા મતદાન...

## સૌથી વધુ થરાદ અને સૌથી ઓછું પાલનપુર વિધાનસભા વિસ્તારમાં મતદાનની ટકાવારી : વયો વૃદ્ધ અને યુવાનોએ મતદાનમાં ભારે ઉત્સાહથી ભાગ લીધો

પાલનપુર તા.૫

ગુજરાત વિધાનસભા ની સામાન્ય ચૂંટણી ૨૦૨૨ માં આજે બીજા તબક્કાના મતદાનમાં બનાસકાંઠા જિલ્લામાં નવ વિધાનસભા મત વિસ્તારમાં સાંજે ચાર વાગ્યા સુધી અંદાજે ૫૨ ટકા જેટલું મતદાન થયા હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. જેમાં જિલ્લામાં સૌથી વધુ મતદાનની ટકાવારી થરાદ અને સૌથી ઓછો પાલનપુર વિધાનસભા વિસ્તારમાં જોવા મળી છે. તેમાં આજે મતદાન નહીં તારીખે લગ્નની પુર બહારમાં સિઝન હોવાથી મતદાનની ટકાવારીનું પ્રમાણ પાલનપુરના શહેરી વિસ્તારમાં ઓછો હોવાનું જાણવા મળ્યું છે. શિયાળા ની ઠંડીમાં સવારના મતદાન કરવા જનારાની સંખ્યા ઓછી હતી જ્યારે બપોર પછી મતદારો ઘરની બહાર નીકળી મતદાન મથકો સુધી પહોંચી મતદાન કર્યુ હતું. જેમાં જિલ્લામાં દિવ્યાંગ અને વૃદ્ધ તથા અશક્ત અને ચાલી ના શકનારા મતદારો માટે ચૂંટણી તંત્ર દ્વારા સુંદર વ્યવસ્થા કરાવી હતી.

બનાસકાંઠા જિલ્લાના મીઠાવી ચારણમાં એવીએમ ખોટકાયુ હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. જોકે ફરજ પરના સ્ટાફ દ્વારા તાત્કાલિક ધોરણે બીજુ ઈવીએમ ગોઠવી મતદાન ચાલુ કરવામાં આવ્યું છે. ચુસ્ત લોખંડી પોલીસ બંદોબસ્ત વચ્ચે આજે બનાસકાંઠા જિલ્લાની તમામ વિધાનસભા મત વિસ્તારમાં એકંદરે શાંતિપૂર્ણ મતદાન લેવા પામ્યો હતો. જોકે મતદાન ની આગલી રાત્રે એટલે કતલની રાત્રે બનાસકાંઠા જિલ્લાના દાંતા વિધાનસભા મત વિસ્તારમાં વર્તમાન ધારાસભ્ય અને હાલમાં ચૂંટણી લડી રહેલા કોંગ્રેસના ઉમેદવાર કાંતિ ખરાડી ઉપર હુમલો કરાયા ના ગુજરાત પ્રદેશ કોંગ્રેસ જગદીશ ઠાકોરના અક્ષેપોને લઈને કોઈ પોલીસ ફરિયાદ કાંતિક ખરાડીએ નોંધાઈ ન હોવાનું જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મોડી સાંજે અખબારી નિવેદનમાં જણાવ્યું છે.



# પાલનપુરમાં કંપનીની ઓફિસનું તાળું ખોલી તસ્કરોએ ચોરી કરી

## રોકડ રકમ, લેપટોપ, સીસીટીવી કેમેરાનું ડીવીઆર મળી કુલ રૂપિયા ૪૭,૨૪૯ ના મુદ્દામાલની ચોરી

પાલનપુર તા.૫

પાલનપુર ધનીયાણા ચોકડી નજીક એક કંપનીની ઓફિસનું તાળું ખોલી તસ્કરો અંદરથી રોકડ રકમ, લેપટોપ, સીસીટીવી કેમેરાનું ડીવીઆર મળી કુલ રૂપિયા ૪૭,૨૪૯ ના મુદ્દામાલની ચોરી કરી લઈ ગયા હતા. આ અંગે કંપનીના સુપરવાઈઝરે પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.પાલનપુર ધનીયાણા ચોકડી નજીક આવેલી જીઓમાર્ટ (રિલાયન્સ) કંપનીની ઓફિસનું અજાણ્યા શખ્સોએ મંગળવારે રાત્રે તાળું ખોલી અંદર પ્રવેશ કર્યો હતો. જ્યાં પડેલું ૧૦,૦૦૦ નું લેપટોપ, રૂપિયા દસ હજારનું સીસીટીવી કેમેરાનું ડીવીઆર તેમજ તિજોરી નું લોક તોડી અંદર પડેલા રોકડા રૂપિયા ૨૭,૨૧૯ મળી કુલ રૂપિયા ૪૭,૨૧૯ ના મુદ્દા માલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે કંપનીના સુપરવાઇઝર સિધ્ધપુરના સુજાણપુરમાં રહેતા કુણાલ ઈશ્વરભાઈ ઠાકોરે પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.